# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૧ તા.૨૧-૧૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- યુ.આર.સી.કક્ષાના વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન-૨૦૨૨ના આયોજન બાબત.
સંદર્ભ :- જીસીઈઆરટી/વિજ્ઞાન/૩૨૬૧૧-૬૪૧ તા.૧૪-૧૦-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન સી.આર.સી. કક્ષાએ યોજાઇ ગયેલ છે. જેમાં વિભાગ વાઇઝ પ્રથમ નંબર આવેલ કૃતિઓ માટે યુ.આર.સી.કક્ષાનો વિજ્ઞાન,ગણિત અને પર્યાવરણ પ્રદર્શન તા.૨૮-૧૨-૨૦૨૨ના રોજ સવારે ૦૮:૦૦ કલાક થી ૦૧:૦૦ કલાક દરમિયાન યોજવામાં આવશે. જેમાં સી.આર.સી. કક્ષાએ પ્રથમ નંબરે આવેલ કૃતિને તા.૨૭-૧૨-૨૦૨૨ના રોજ બપોરે ૦૨:૩૦ કલાક પછી નીચે દર્શાવેલા સ્થળે કૃતિ ગોઠવી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

| ક્રમ | યુ.આર.સી. ઝોન | સ્થળ | સ્થળ સંચાલક |
|---|---|---|---|
| ૧ | પૂર્વ ઝોન | બિલ્ડીંગ-૨ વસ્ત્રાલ પ્રા. શાળા, વસ્ત્રાલ ગામ, | પંકજકુમાર જે. પટેલ (૯૭૨૪૩૨૧૨૬૧) |
| ૨ | દક્ષિણ ઝોન | બહેરામપુરા શા.નં.૧/૨/૧૧, ગૌતમ નગર સોસાયટી, ગૌતામનગર ચાર રસ્તા, બહેરામપુરા | હેમંતકુમાર પી. નવાકર (૭૮૭૪૦૫૫૬૫૫) |
| ૩ | પશ્ચિમ ઝોન | નવા વાડજ હિન્દી શા.નં.૧, શ્રી નાથ એપાર્ટમેન્ટની પાછળ, વ્યાસવાડી, નવા વાડજ | હેમાંગ એ. પટેલ (૯૫૭૪૫૧૩૯૫૭) |
| ૪ | ઉત્તર ઝોન | એસ.આર.પી. ગુજ.શા.નં.૧, એસ.આર.પી. કેમ્પસ, કૃષ્ણનગર | સૌરભભાઇ શુક્લા (૮૫૧૧૯૧૭૬૧૧) |

સી.આર.સી.કો.ઓ.એ ફરજિયાત પણે હાજર રહેવાનું રહેશે.

ઉપરોક્ત દર્શાવેલ શાળાઓએ યુ.આર.સી.કો.ઓ. સાથે સંકલન કરી તમામ વ્યવસ્થા ગોઠવવાની રહેશે અને શાળાના વર્ગો અને કેમ્પસમાં સ્વચ્છતા અને પાણીની વ્યવસ્થા કરવાની રહેશે.

યુ.આર.સી.કો.ઓ. આજુ-બાજુની શાળાઓ કૃતિ નિહાળવા આવે તેવું આયોજન કરવાનું રહેશે.

તા.૨૧-૧૨-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી